૪૮૭૫

આરમઇતિ અને તરોમઇતિ

યાને

નમનતાઇ અને મગરૂરી

ઉપર

દસ્તુર પેશોતનજી બેહરામજી સંજાણાએ

મરહુમ શેઠ હોરમઝજી બેહમનજી વાડીઆજીનાં

આતશબેહરામ સાહેબની

૬૨ મા વરસના સાલગરેહને દીને જશનના મજલસમાં કીધેલા

વએઝ.

રોજ ૧૭ મો માહ ૨ જો શાહેનશાહી સને ૧૨૬૧ યજદજરદી.

મુંબઈ:
એજ્યુકેશન સોસાયટીના છાપખાનામાં છાપ્યું છે.
સને ૧૨૬૧ યજદજરદી.

સને ૧૮૯૧ ઈસવી.

૪૮૭૫

[illegible]

નેક એતેકાદના જરથોશ્તી ગ્રહસ્થો,

પાક દાદારની બખ્શેશથી આજ રોજે મરહુમ શેઠજી સાહેબ હોરમજજી બેહમનજી વાડીઆજીની નઈઅંતે આપણી જરથોશ્તી શમસ્ત અનજુમનને અશો અહુરમજદના પાક નુરની હજુરમાં બંદગી કરવા તથા ભલી મોરાદ ચાહવા સારૂ, આએ પાક મકાન ખાતે તખ્તનશીન કીધેલા આતશબેહરામ સાહેબને ૬૧ મું વરશ પુરૂં થઇને ૬૨ મું વરશ શરૂ થયુંછે, તે સરવે હમદીન મજદયસનાનોને આબાદી, ખુશવકતી અને નેકબખ્તી ભરેલું ગુજરે! તે સરવે શકતીવાન અશો અહુરમજદ આપણા ટોળામાં અરસપરસની મોહબત, દોસ્તી અને સલાહ સંપજનો વધારો કરે! અને આપણી કોમમાંથી હસદ, અદેખાઈ, વેર, દુશમની અને આપમતલબને દુર કરે! બખશે તમોને તે દયાલુ દાદાર આરમઈતિના નેક ગુણથી મિનોઈ અને ગેતીને લગતી બંદગી અને તાબેદારી, બેહુ જેહાનનું પાએદાર સુખ, નેકી સાથની ઈજ્જત અને તારીફ લાયક હશમત અને નેકનામી!

અવસ્તા કલામ.

(ક) [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

'દીનને લગતી આતુરતાઈ, પરહેઝગારી, દીનને લગતી પુછપરછ, પાક નમનતાઈ, તે સાથે ભલા સભ્યતા, નેક દોઆંગાઝારી, નેકીથી મેલવેલી આબાદી, પ્રમાણીક કીરતી અને દોલતને અમો અંતઃકરણથી ચાહીએ છઈએ.'

(ખ) [illegible]

[illegible]

"માથ્રવાણીના સખુનોની બરકતથી મગરૂરી અને અભીમાની તનથી દૂર થજો!"

દીનદાર જરથોશતીઓ! તમારા આજના સવાબકાર મેલાવરાની જોગવાઈ લઈને આપણા જરથોશતી મજહબને લગતા [illegible] **આરમઈતિ** યાને નમનતાઈના નેક ગુણ અને [illegible] **તરોમઈતિ** યાને મગરૂરીના દુરગુણ વીશે થોડાએક સખુનો મુખ્તેસરમાં જાહેર કરવાની હું આરજુ રાખું છઉં, તે એવી ઉમેદથી કે તમો હમદીનોમાં નમનતાઈનો ભલો ગુણ હમેશાં જોડાએલો રેહ, અને અભીમાની યા મગરૂરીનો બુરો ગુણ તમારામાંથી હમેશાં દૂર થાએ.

જાણવું કે આપણી મજદયસની દીનનાં લખાણોમાં કદીમ ઇરાનીઓના ભલા ગુણનુ એક નામ [illegible] છે, અને તે ભલા

ગુણની પાક અવસ્તામાં જાબજા વખાણ કીધેલીછે. એટલુંજ નહી પણ આપણ જરથોશતીઓને તે ભલા ગુણ પોતાની અંદર રાખવાથી અભીમાન તથા મગરૂરીના બદ ગુણને પોતાની અંદરથી દુર કરવા સારૂ અશો હોરમજદે આપણા પેગમબર જરથોશતના કલામોમાં કેટલાંએક ઉપીઓગી ફરમાંનો આપેલાંછે.

ભલા જરથોશતીઓ! **આરમઇતિ**ના નેક ગુણથી પેગમબર અશો જરથોશતે પોતાના પાક ખોદાતાલાની તરફથી કેવી બખ્શેશો મેલવી હતી, તેનો તમો ખ્યાલ કરો. દાદાર હોરમજદ તરફ તે અશો પેગમબરની નમનતાઈ સાથની જે આજેજી ઈજશનેમાં આવેલા અહુનવઈતિ ગાથાના દરએક શ્લોકમાં આપણને મલેછે તે વાંચો, અને તે નમનતાઇના ગુણ આપણને અખત્યાર કરવાને કેટલું બધું શીખવેછે તે ઉપર વિચાર કરો. અને પછી જુઓ કે જરથોશત જેવા મહાન પુરૂશે પોતાની બોહોલી શકિત છતાં જ્યારે પોતાના દાદગર અશો હોરમજદ તરફ, તેમજ પોતાના વખતના પાદશાહ વિશ્તાસ્પ તરફ, પોતાની દીન કબુલ રાખનારાઓ અને પોતાના ખેશીઓ તરફ પોતાના એ ભલા ગુણનો વારંવાર ઉપયોગ કીધોછે, તો આપણે જેઓ તેનાથી ઘણી ઉતરતી શકિતના માણવીઓ છઈએ તેઓને આપણી ગેતીની હસ્તીમાં મુશકેલીના દુનીઆઈ સબબો દુર રાખવા સારૂ **આરમઈતિનો** ભલો ગુણ કેટલો બધો અમુલ્ય થઇ પડવો જોઈએ. ગમે તે બોલથી એ ભલા ગુણને સમજો, અને આરમઈતિને નમનતાઈ, ભલમનસાઈ, નમાજ કે તાબેદારી કેહો; પણ આએ ગુણનો મુખ્ય અર્થ ટુંકમાં એવો છે કે આએ દુનીઆમાં આપણ આદમીઓ કેટલી શકિત ધરાવીએ છઈએ તેનો ટાલ આપણા મનમાં રાખી, ગેતીની હશમત કે મોટાઇને ટુંક જીંદગી માટેની ગણી, અશો હોરમજદની દરેક પેદાયશ તરફ નમનતાઈ બતલાવી તે પેદાયશને એક અદના આદમી તરીકે આપણે મદદ કરવી.

આપણા જરથોશ્તી મજહબની કેળવણીથી પાક દાદારની પેદાયશ તરીકે તે કીરતારની બંદગી કરવાની, તેનો ડર રાખવાની, અને તેના

તાબેદારી કરવાની જે આદતો આપણામાં શરૂ થાયછે, તે આદતોનું એક નીતીમાન ફલ એ નમનતાઈનો ભલો ગુણ છે. ખોદાવંદની સવ શકતી આગલ આદમીઓ તરીકે આપણે કેટલા કમીના, કમશક્તિના અને લાચાર છઈએ, તે આપણે તે ભલા ગુણથી સમજી શકીએ છઈએ. **આરમઈતિ** આએ દુન્યામાં આપણને દરએક સુખને માટે તે સાહેબથી ઉમેદ રાખનારા બનાવે છે; આપણા દરએક દુ:ખના નીવારનને માટે તે રેહમના સાહેબથી છુટકારો મેલવવાની ઓનજર ખાહી કરનારા આપણે તેથી બનીએ છઈએ. **આરમઈતિ**ના વિ-ચાર વગરની આપણી બંદગી પાક ખુદાતાલાની હજુરમાં કબુલ થતી નથી. નમનતાઈ વગર તે ખાવંદથી આપણને ખરૂં સુખ. મેલવવાની ઉમેદ રહેતી નથી. નમનતાઈ વગર અશો હોરમજદ આપણી ઉપર પુરતી રહેમ રાખતો નથી. નમનતાઈ વગર આપણું કોઈબી દુ:ખ તલવાનું નથી, અને આપણા દમાગની અંદર જે અભિમાનીનો દુરગુણ છે તે બાહેર નીકલતો નથી.

આરમઈતિથી પેદાના કરનાર અશો હોરમજદની, તેના એનજ-મતી શકિત ધરાવનારા અમશાસ્પંદો અને યજદોની, અને આપણા ભલા નીઆગાનોના ફરોહરોની મેહેરબાનગી આપણે પોતા તરફ ખેંચી શકયે છઈએ, અને તેઓ આપણા અંત:કરણની નમનતાઈના ભલા ગુણથી આપણી ઉપર આપણા સુખને માટેની નેક દુવા કરેછે.

આએ દુન્યામાં આપણા માબાપને નમતા રહેવાની, આપણી ઉપર રાજકરતા તેમજ આપણા દીનના પેશવા દસ્તુર તરફ માનની નજરથી જોવાની, ટોલાના આગેવાનોને ઘટતી તાજીમ કરવાની, આપણા ભાઇબંદોની સાથે, ખેશીઓની સાથે, અને આપણા હમદીનો સાથે એકદીલ રેહવાની જે આપણી ખરી ફરજ છે, તે ફરજ આપણે નમનતાઈ વગર કોઈબી પરકારે અદા કરી શકતા નથી. આપણને જનમ આપનાર, આપણું પાળણ કરનાર, આએ દુન્યાના તરેહવાર દુ:ખથી આપણો બચાવ કરીને આપણને ઉધારનાર, તથા આપણને ઘટતી કેલવણી આપીને દુનીઆમાં

સંસારી સુખ આપનારા આપણા હેતવંતાં માબાપોનો ખરો આભાર તેઓને નમતા રહેવાથી, તેઓનો મલાહેજો રાખવાથી અને તેઓની તાબેદારી કરવાથી આપણે માની શકશું. એટલુંજ નહીં પણ તે ભલા ગુણથી આપણા ભલાં માબાપો આપણાથી સંતોષ પામશે, પોતાની જીંદગીમાં દુઃખ વેઠીને આપણને પાલવાનો બદલો મેલવેલો સમજશે, ખરાં જીગરના પ્યારથી આપણને ચાહશે, અને આપણું ભલું થવા પાક ખોદાતાલાની હજુરમાં દુવા માગશે, જે દુવા અશો હોરમજદ કબુલ રાખશે અને તેથી આએ દુનીઆમા તેમજ ભવિષ્યની જીંદગીમાં આપણને ખરૂં સુખ મલશે.

નમનતાઈનો ભલો ગુણ આદમીઓને દુન્યાને પેદા કરનાર અશો હોરમજદનો સંબંધ ધરાવનારા બનાવેછે, અને યજદ અમેશાસ્પંદોના તેઓને દોસ્ત કરેછે. નમનતાઈ આએ દુન્યામાં આપણા મીત્રોનો વધારો કરેછે, રાજવંશીઓ, અકાબરો કે વચલે વાંધેના લોકોનો પ્યાર અને મહોબત આપણી તરફ ખેંચેછે, તેથી દુનીઆમાં આપણને ભલા માણસ તરીકેનો એલકાબ મલેછે, અને આએ દુનીઆની અને આવતી દુનીઆની નેકી હાંસલ થાએછે. નમનતાઈના ભલા ગુણથી કોઈની સાથે બુરાઈ કરવાનો વિચાર આવતો નથી, પણ કોઈનું ભલું કરવાની ઉલટ જારી રહેછે.

નમનતાઈથી માણસને ગુનાહથી દુર રહેવું, અને સવાબકારીથી પવિત્ર બનવું છે. નમનતાઈવાલું આદમી આએ દુનીઆના દુઃખને સેહન કરનારૂં, અંગ્રોમન્યુશના દુરગુણોને પોતાની અંદર નહીં પેવસ કરનારૂં, આડે મારગે ચાલનારને સમજાવટથી ખરે માર્ગે ચલાવનારૂં, અને દુન્યાના લોકોને નમનતાઈના વિચારથી સુખ આપનારૂં છે.

નમનતાઈ એ વગર દોલતે, વગર હશમતે અને વગર હકુમતે દુન્યામાં માણસની આબરૂનો વધારો કરેછે. નમનતાઈ એ દોલતમંદ અને હકુમતવાળા માણસને તેની દોલત તથા હકુમતને જેબ આપનારૂં, તથા લોકોમાં તેને દીપાવવાનું એક જવેર છે; જે વગર તેવા દોલતમંદ આદમીને દોલતથી કે તેની હકુમતથી કશો પ્રકાશ કે નેકનામી મલતી નથી.

નમનતાઈના નેક ફલો ઉપર જણાવ્યા પ્રમાણે મેલવી શકાય છે, જે સબબને લીધે એક જરથોશતી પવિત્ર ખોદાઈ નુરની સામને બંદગી કરતાં બેઉ જેહાનમાં ઈજ્જત વધારનારી નમનતાઈની બખ્શેશ પાક દાદાર પાસે માગે છે, અને તે વિશેના પાક અવસ્તા પઠે છે કે:—

[illegible]

[illegible]*

"ઓ હોરમજદ! તું મારો (હેરેમનથી) બંચાવ કર, અને આરમઈતિની બખ્શેશથી તું મારા આત્માને કઉવતમંદ બનાવ!"

નેક જરથોશતીઓ! તમો ઉપલા પવિત્ર કલામોની સમજ મેલવવાથી જોઈ શકશો કે હેરેમનથી આએ દુનિયામાં પોતાનો બંચાવ કરવા સારૂ પાક દાદારના નુરી કેબલાની હજુરમાં પહેલ્લાં તે સાહેબ પાસે નમવાના યાને નમનતાઈના પવિત્ર ગુણની મદદ આપણે માગીએ છઈએ, કે જેથી હેરેમનના સઘલા બુરા અને નાફરમાનીવાળા દુરગુણોને આપણે પોતાથી દુર રાખી શકીએ, અને જેમ હમોએ ઉપર જણાવ્યું તેમ બંધે જેહાનનું સુખ, દોલત અને ઈજ્જત આપણે નેકીથી મેળવી શકીએ.

વાસંતે ભલા હમદીન ભાઈઓ! તમો સાવધ રેહો, પવિત્ર નમનતાઈના સાથી થાઓ, અને સાચી નમનતાઈથી અશો હોરમજદની, તેના એજમતી ઈજદ અમેશાસ્પંદોની, અને બલવંત અશો ફરોહરની નેક દોસ્તી અને ભલી દુવા મેલવો! આએ દુનીઆમાં તમારા રાજ્યકરતાઓના, તમારા અકાબરોના, અને તમારા હમદીનોના ભલાને કીજે નમનતાઈ સાથે નેકીના કામો અખત્યાર કરો!

હવે ઉપલા હોરમજદી ભલા ગુણની સામને થનારો દુરગુણ મગરૂરી, અભિમાન અથવા નાફરમાનીનો છે, જેને આપણા પાક

* ગાથાનો હા ૩૩ મો ફકરો ૧૨ મો.

પેગમબરે 𐬙𐬀𐬭𐬋𐬨𐬀𐬌𐬙𐬌 તરોમઈતિનું નામ આપેલું છે. પાક અવસ્તામાં આએ દુરગુણને ધીક્કારેલોછે. દહમના આફ્રીનગાનમાં આપણા મકાનથી તેને દુર કરવાની હમેશાં આપણે દુવા માગ્યે છઈએ. અરદીબેહશ્ત યશ્ત પ્રમાણે માથ્રવાણીથી તે દુર થઈ શકે છે. પતેત પશેમાનીની અંદર તેને ગુનાહ તરીકે ગણેલોછે. મગરૂરીની શરૂઆત બુરા મનની અંદરથી થયેલી છે, અને બુરાં મનવાલી શકિત અંગ્રોમન્યુશની અંદરથી નીકલેલીછે, તેથી 'અભીમાન અથવા મગરૂરીને આપણે હેરેમનનો બુરો ખવાસ સમજ્યે છઈએ.

જેનામાં અભીમાન છે, તેનો વિચાર પોતાના પેદા કરનારની તરફ. પોતાના માબાપ કે વડાની તરફ નમન કરવાનો નથી. પોતે કોણ છે, તે કયાંથી આવ્યો છે, પાછો કહાં જવાનો છે, અને તેનું કામ આએ દુનીયામાં શું છે, તેની સમજ અભીમાનવાળાં ઈનસાનને રેહતી નથી. અભીમાનથી માણસ પોતાને બીજાઓથી મોટું કરી ગણેછે. દુનીયામાં બીજાઓને પોતાથી હલકા ગણી ધીક્કારે છે. તે પોતાપાસની દોલત, માલમતા, હશમત, હકુમત અને ફોજની ઉપર મુસતાક રહી, પોતાની તરફ બીજાઓને નમતા જોવાની ઉમેદ રાખેછે, અને સર્વેમાં હુંજ મોટો છેઉં એવો નાલાયક વિચાર ધરાવેછે; કારણ કે તેને મગરૂરીની ધુંઈની અંદર રોશનીવાલો નમનતાઈનો વીચાર સુજતો નથી.

અભીમાન એ દેવના પાપી કામની માણસને કેળવણી 'આપનાર છે. માણસજાતને તે વારસાથી ઉતરેલો માણસીક ખવાસ નથી. પણ નાદાની, ખતા, અને અધુરાપણાથી ઈનસાનની અંદર તેની ઉત્પતી થયલી છે. વાસ્તે માણસના દીલની અંદર ઘણી છુપી રીતે દાખલ થનારો તથા માણસની વીચાર શકતીને અંધારામાં રાખનારો અભીમાન સેવાયનો બીજો કોઈ દુરગુણ નથી.

જ્યારે આપણે મગરૂરીના ગરકમાં ડુબી જઈએ છઈએ, ત્યારેજ આપણે પોતાને સારૂ માન માગ્યે છઈએ.

અભીમાન એ માણસની આબાદ હાલતને જલદીથી તોડી પાડનારો, ખોદાએતાલાનો કહેર આપની ઉપર લાવનારો અને લોકોના ધીક્કારની અંદર આપણને પોંચાડનારો દુરગુણ છે.

આપણા પાક અવસ્તામાં જણાવેલું છે કે અંગ્રોમન્યુશના દેમાગમાં દાદાર હોરમજદની જાહોજલાલી સમાઈ શકી નહીં, અને તેને તે કુદરતના સાહેબના કામને હાણી પોંચાડવાનો અભીમાનીનો વિચાર ઉત્તપન થયો, તેથી અભીમાન રાખી હોરમજદની ગરોથમાંની પેદાયશનો નાશ કરવાનો તેણે ઠરાવ કીધો હતો. જે અભીમાનીના બદલા તરીકે અશો હોરમજદે તેને ગરોથમાનની અંદરથી બાહેર કાહાડી દોજખનાં અંધારાં અને પાપીઓના મકાનનો તેને ઉપરી બનાવ્યો હતો, અને મીનોયજદોની સફમાંથી તેને બરતરફ કીધો હતો*. તેણે દોજખમાંથી નીકલીને પોતાના દેવ દરૂજોની સાથે બહેસ્તના મકાન તરફ જવાનો એરાદો કીધો, તેમાં તે ફાવ્યો નહીં, અને સેવટે દોજખનું બંદીખાનું તેને વેઠવું પડયું.

ઈરાનનો એજમતી, ખોરેહમંદ અને પરેહજગાર પાદશાહ જમશીદ, જેણે સઘલી દુન્યાને પોતાની કુદરતી દાનાઈથી આબાદ કીધી હતી, અને અશો હોરમજદની યજદાંપરસ્તી દીનથી લોકોને નીતીવાન, પરેહજગાર, અને બેહુશ્તી બનાવ્યાં હતાં તેના સઘલાં કીરતીવાન કામોથી તે પાદશાહના મનમાં સેવટે મગરૂરી શરૂ થઇ, અને તેણે પોતાની દરબારમાં તેના વજીર અમીરોના આગલ પોતાનાં કામોને હોરમજદની સાથે સરખાવીને પોતાનો ખોદાઈ દાવો જાહેર કીધો હતો. જેથી ટુંક અયામમાં જે ખોદાતાલાની તરફથી કયાની ખોરેહ તેને મલેલુ હતું તે તેનાથી દુર થયું, ઈરાનના વજીર અમીરો તેનાથી નારાજ થયા અને તેઓએ જમશીદ પાદશાહના ૧૦૦૦૦) સવારના સેપેહસાલાર, બીવરઅસ્પને (યાને જોહાકને) ઈરાનનો રાજા બનાવ્યો હતો. પેલો કીરતીવાન પાદશાહ જમશીદ પોતાનું ઈરાન સરજમીનનું રાજ ખોહી બેઠો, અને

---

* જુઓ વંદીદાદની ૨૨ મી પરગરદ.

જોહાકની ધાસ્તીથી ભરાતો રહી ખરાબ અવસ્થામાં પોતાની જીંદ ગુજારીને આએ દુન્યા છોડી ગયો.

શાએર ફીરદુસી પોતાના શાહાનામાંની તવારીખમાં એ પાદશાહના અભીમાનીવાળા શબદો વીગતવાર લખીને પછી કહે છે કે:—

چون این گفته شد فر یزدان ازوی
گسست و جهان شد پر از گفتگوی
منی چون بپیوست با کردگار
شکست اندر آورد و برگشت کار

"જ્યારે તેણે પાકદાદારની તરફ અભીમાની કીધી ત્યારે ખોદાઈ નુર તેનાથી દુર થયું. દુન્યામાં તેનો ગીલ્લો થવા લાગો અને તેને ખોદાઈ દાવો કીધાથી બદબખ્તી આવી અને સઘલું ઉલટું થવા લાગ્યું.

પાદશાહ ફરેદુને પોતાના સેલમ અને તુર નામના દીકરાઓને ચીન અને તુરકસ્તાનનો દેશ આપી ત્યાંના રાજા બનાવ્યા હતા. તે બેવફા છોકરાઓ પોતાના મગજમાં ગર્વ લાવીને પોતાના મુરબી બાપના ઠરાવની સામને થયા, અને પોતાના નાહલા ભાઈ એરચને ફરેદુને ઈરાનનો રાજા કીધો હતો તેને મારી નાખી, તેનાં બેજાંન માથાંને પાદશાહા ફરેદુન પાસે મોકલીને તાંનાજની સાથે અભીમાનથી તેઓએ પોતાના બાપને કેહેવડાવ્યું કે આએ માથાં ઉપર તું ઈરાનની હકુમતનું તાજ મેલજે. તેઓ મગરૂરીથી એમ સમજતા હતા કે હમો ઈરાનના રાજા થઈશું, અને હમોને દુનીઆમાં કોઈ સજા કરનારો નથી. પણ ત્યારપછી એરચ પાદશાહના નબીરા મીનોચહેરશાહના હાથ ઉપર તે બેહુ ભાઈઓ ઘણી સરગરદાની અને લાચાર હાલતે કતલ થઈને મરણ પામ્યા. આએ મગરૂર અને બેરેહમ છોકરાઓએ પોતાના મુરબી શાહ ફરેદુન ઉપર તેના વાહલા દીકરાનું માથું મોકલાવીને તેને જે બેઅદબી ભરેલા સખુનો કેહેવાડ્યા હતા, તેની નોધ શાએર ફીરદુસી પોતાની કેતાબમાં આએ રીતે કરી ગીઓ છે:—

چنین گفت پیغمبر آن نیاز
کہ تاج نیاکان بدو گشت باز
کنون خواه تاجش ده و خواه تخت
شد آن شاه گستر نیازی درخت

"નિઆગાનોનાં તાજની ઉમેદ જેને સારૂ તું એ રાખી હતી તેનું આએ માથું છે, માટે હવે તું તેને ગમેતો તાજ પેહડાવ કે તખ્ત આપ. જે નાઢલા શાહજાદાનાં ઝાડથી તું ઉમેદ રાખતો હતો તે ઝાડ મરણ પામ્યુંછે."

તુરાનના પાદશાહ અફ્રારસ્યાબના મગજમાં ઈરાનના રાજાઓનો અન્ત લાવી સઘલી પૃથ્વીનો રાજકર્તા થવાનું અભીમાન હતું, તેથી તે પોતાના મોટા દેશના વીસ્તાર અને બેહદ લશ્કર ઉપર મુસતાક અને મગરૂર રહીને તક મલતાં વારેઘડીએ ઈરાન ઉપર ચઢાઈ લેઈ જતો હતો, પણ દર વખતે હાર ખાઈને પાછો ફરતો હતો. તેણે પોતાના પાદશાહી લોભની અભીમાનીમાં પોતાના ભાઈ અગરેરસને, ઈરાનના શહાજાદા નોદરને, અને સીઆવખ્શને તથા ઈરાનના બેહદ પહલવાનોને અને શાહજાદાઓને મારી નાખ્યા હતા, પણ તેના અભિમાનથી સેવતે પૃથ્વીના આએ બલવંત પાદશાહને રહેવાને એક ઘરબી રહ્યું નહીં; અને તે શાહ કેખશરૂના દરથી એક પહાડની અંદર એક ભોંયરાંમાં ભરાઈને રૂદન અને જારી કરવા લાગો અને ખોદાપાસે મદદ માગી, પણ તે સાહેબે તેને મદદ નહીં કીધી, અને અંતે તેજ અફ્રાસ્યાબ પાદશાહને તે પાહડ ઉપર બંદગી કરનારા હોમ દસ્તુરે પકડીને પાદશાહ કેખુશરૂને સ્વાધીન કીધો. કેખુશરૂએ પોતાના બાપ શીઆવખ્શ અને અગરેરસની અફ્રાસ્યાબને હાથે થયેલી કટલનો તેના ઉપર કીનો લઈ તેને મારી નખાવ્યો હતો.

ઈરાનના દીનદાર પાદશાહ ગુસ્તાસ્પનો શાહજાદો અસફંદયાર પેગમબર અશો જરથોસ્તની દુવાથી રોઈનતન થયેલો હતો, એટલે

જે તેના બદન ઉપર કોઈબી જાતનું હથીઆર લાગુ પડી શક નહીં હતું, તેથી તે જોરાવર શાહજાદાએ બાહદુરીથી તુરાની પાદશાહ અરજાસ્પ સાથની તથા બીજી ઘણી એક લડાઈઓમાં ફતેહ મેલવી હતી, અને આખી દુન્યામાં નામદાર થયો હતો. આએ સઘલી ફતેહથી તેના દેમાગમાં મગરૂરી શરૂ થઇ. પાદશાહ ગુશ્તાસ્પના હોકમથી જેહાંપહલવાન રૂસ્તમના હાથ બાંધીને ઈરાનના પાદશાહ ગુસ્તાસ્પની હજુરમાં લાવવાનો તેણે ઠરાવ કીધો, અને જાબુલ શહેર તરફ રૂસ્તમની સાથે લડાઈ કરવા સારૂ લશકર સાથે તે ગીયો, આએ વેલા જેહાંપહલવાન રૂસ્તમે શાહજાદા અસ્પંદયારને તેની સાથે લડાઈ કરવાથી ઘણો વાલ્યો, અને મહોબત તથા પ્રીત બતલાવી. સેવટે શાહજાદાની સાથે ઈરાન ખાતે પાદશાહની હજુરમાં જઈ પાદશાહના કેહેવાથી પોતાના હાથ ઉપર બેડી નાખવાને રૂસ્તમે કબુલાત આપી, પણ શાહજાદા અસ્પંદયારે પોતાના રોઇનતન ઉપર મગરૂર રહી તેની આજેજીને કબુલ નહી રાખી અને તેનું કેહેવુ માન્યું નહીં. જેહાંપહલવાન રૂસ્તમને હરાવીને પોતે દુનીઆમાં સરવેથી સરસ થવાની મગરૂરી તેનાં ભેજામાં પેવસ થઈ, ત્યારે રૂસ્તમે તેની આંખમાં ગજના ઝાડનો એક તીર મારચો જેથી જખમી થઈ અસફંદયાર મરણ પામયો.

દસ્તુરાન દસ્તુર આદરબાદ મારાસ્પંદે પોતાંના દીકરા જરથોશતને જે નસીહત કીધી છે તે તમારાં મન ઉપર હમેશાં થસાએલી રાખજો:—

અભીમાનવાલું આદમી હુમેશાં મોરાદ વગરનું રહેછે, વાસતે આએ દુન્યાની દોલત અને મતા ઉપર મગરૂર રહેતો ના, કારણ કે આએ દુનીઆની દોલત જેમ એક પક્ષી એક ઝાડ ઉપરથી બીજં ઝાડ ઉપર ઉડેછે અને કોઈ ઝાડ ઉપર હમેશ બેસી રેહતું નથી તેની માફક નાપાયદાર છે !

મીનોખેરદની નસીહત એવી છે કેઃ-

આએ દુન્યાની કોઈબી દોલત ઉપર મગરૂર રહેતો ના, કારણ

આએ દુનીઆની દોલત જેમ એક પાણીવાળું વાદળું પાણીને ખેંચનારા પાહડો તરફ આવેછે, અને કોઈ પહાડ ઉપર કાયમ રહેતું નથી તે પરમાણે છે. આએ દુનીઆની ઘણી દોલત તથા માલમતા ઉપર મગરૂર ના રહેતો, કારણ કે સેવટે તે સઘલી દોલત તુંને છોડી જવી પડશે. તારી હકુમત ઉપર તું મુશતાક મા રહેતો કેમકે સેવટે તુંને વગર હકુમતનો થવું પડવાનું છે. આએ દુનીઆની મોહટાઈ તથા ઈજત ઉપર તું મગરૂર રહેતાના, કેમકે તે તુંને આ-વતી દુન્યાની ઈજત મેલવવાની મદદ કરનાર નથી. પોતાના બુજોર્ગ ખાનદાન તથા ઓલાદ ઉપર મગરૂર થતો ના, કારણ કે તું તારાં તે કામથી સેવટે પસતાશે!

નેક જરથોશતીઓ! ઉપર જણાવેલા કદીમ ઈરાની તવારીખના દાખલાથી તમોએ યાદ રાખવું જોઈએ કે મગરૂરી, અભીમાન યા નાલાયકીથી દુન્યાના ઘણાં જેરેમંડ પાદશાહો અને જેહાપહલવાન અસપંદયાર જેવા સુરા નરો ફના થયાછે, અને સેવટે પોતાની મગરૂરીનું બુરૂં પરીણામ જોઈ, અફસોસ અને પસ્તાવો કરી રહેલત પામ્યાછે. વાસ્તે દીનદાર ભાઈઓ! **આરમઈતિ** જે નમનતાઈનો નેક ગુણ છે તેને પયારો ગણો! હમેશાં સરવેને નમવાની અને સભીઅતાથી વરતવાની આદત પાડો! અને તમારા અશો પેગમબર-ના પસંદ કીધેલા આએ ભલા ગુણને તમારા જીગરમાં, કોતરી રાખો! આએ ગેતીની ટુંક જીંદગીને લગતી તમારી દોલત, જાહો જલાલી, હકુમેત, અને કીરતી ઉપર મગરૂર અને મુશતાક રહેતા ના!
